મિનિબસ આજે સાંજે પાંચેક વાગ્યા બાદ તળાજા ના હાજીપર ગામના પાટિયા પાસે પહોંચી ત્યારે અચાનક આગળ ની સાઈડ નો પાટો તુટી જવાના કારણે ચાલકે સ્ટિયરિંગ પર કાબુ મેળવી પૂરપાટ ઝડપે દોડતી બસને રોડની સાઈડમાં ઉતારી દીધી હતી.જેના કારણે મોટી જાનહાનિ બચી હતી.જોકે ૨૧ મુસાફરો ને નાની મોટી ઈજાઓ થવા પામી હતી.

ઈજા ગ્રસ્તોમા મોટાભાગના ભાવનગર મહુવાના રહેવાસી હતા.૧૨ ઈજા ગ્રસ્તોને ભાવનગર રીફર કરવામાં આવ્યા હતા. જેમાં બાળકો થી લઈ વૃદ્ધ સુધીના મુસાફરો ને ઈજા થઈ હતી.સ્થળપર બે ૧૦૮ પહોંચી હતી.એ ઉપરાંત ખાનગી વાહન ચાલકોએ માનવતા દાખવી ને ઈજાગ્રસ્તો ને તળાજા ની સરકારી હોસ્પિટલમાં લાવ્યા હતા.ખાનગી હોસ્પિટલમા પણ કેટલાક ઈજા ગ્રસ્તો ને લઈ જવામાં આવ્યા હતા.

બસના ડ્રાઈવર વિરમદેવસિંહના કેહવા પ્રમાણે બસનો આગળ નો પાટો તૂટી જતા બસ અચાનક થી જ એક બાજુ ખેંચાણી પરંતુ ડ્રાઈવર એ પોતાની સુજ બુજ થી બસ ને કાબુ કરી રોડ પરથી નીચે ઉતારી દીધી હતી કારણકે રોડ પર અન્ય વાહનો સાથે અકસ્માત સર્જાય તો જાનહાનિ નો ભય વધુ હતો.

તેકી સાથે એકવીસ ઈજાગ્રસ્તો ને રેફરલ હોસ્પિટલમાં લાવવામાં આવતા આસપાસ ના દુકાનદારો ઈજાગ્રસ્તો ની મદદે દોડી આવ્યા હતા.એમ્બ્યુલન્સ થી નીચે ઉતારવા,ખાટલાપર સુવરાવવા,સારવાર અપાવવા માં મદદ કરી માનવતા ની સુગંધ પ્રસરાવી હતી.

વિરમદેવસિંહ બાબુભા ગોહિલ ( તણસા - ડ્રાઇવર)
રવિભાઈ કોઇથા (ભાવનગર)
ધીરુભાઈ ભોળાભાઈ (પાદર ગઢ)
વશરામભાઈ નાનુભાઇ મકવાણા ( મહુવા)
શુકલભાઇ ગાંડાભાઈ ઝુંઝાળા ( દેવલી)
મહેન્દ્રભાઈ હિંમતભાઈ (ભાવનગર)
દીનાબેન જાદવ ( મહુવા)
જેઠુબેન પોપટભાઈ સોલંકી ( પીપરડી ),
ઇજહારભાઇ સાબુદીનભાઈ ( મહુવા),
રસીલાબેન વજુભાઈ (નાગલપર ),
દિનેશભાઈ વાલજીભાઈ સુરાલી ( ભંડારીયા- કંડક્ટર)
નમીનદાસ હરગોવિંદભાઈ (ભાવનગર),
અસલમભાઈ અલીભાઈ બેલીમ (મહુવા),
વિજુબેન વશરામભાઈ ચૌહાણ ( મણાર),
વીજુબેન ધરજીયા (નાગલપર ),
અલ્વીરા સાબુદીનભાઈ બેલીમ ( મહુવા),
સમીરભાઈ ચંદુભાઈ (ભાવનગર ),
રોનકભાઈ જયેશભાઈ (ભાવનગર),
અતુલભાઈ ભુપતભાઇ ચાવડા ( ભાવનગર),
સહિદ સબુદીનભાઈ બેલીમ( મહુવા)


## ગુજરાત નોલેજ સોસાયટી

C/o. કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, બ્લોક નં.૨, ૩જો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦A, ગાંધીનગર-૩૮૨૦૧૦

**Expression of Interest (EoI) for Training Partner**

રાજ્યમાં ટેકનિકલ શિક્ષણના વિકાસ, વિસ્તરણ અને અદ્યતન ટેક્નોલોજીની જાણકારી દ્વારા જાગૃતિ લાવી યુવાનોને સ્વાવલંબી બનાવવાના હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા રચિત ગુજરાત નોલેજ સોસાયટી (GKS) દ્વારા વિવિધ કૌશલ્યવર્ધક ટ્રેનીંગ પ્રોગ્રામ વિદ્યાર્થીઓ માટે આયોજિત થાય છે.


# અધિકારીને મોનિટરિંગ સોંપ્યુ

## મા.કા.ઈ. કમિશનરને રિપોર્ટિંગ કરશે

। ભાવનગર (સંદેશ) ।

ભાવનગર શહેરમાં દિવાળીના તહેવારોમાં પાણીની વધેલી ફરીયાદોનો ઉકેલ લાવવા અધિકારીને મોનિટરિંગ સોંપવામાં આવ્યુ છે. લોકોમાંથી વધેલી ફરિયાદો રોજેરોજ ઉકેલ આવે તે માટે અધિકારીએ કમિશનરને રિપોર્ટીંગ કરવુ પડશે.

ભાવનગર : દિવાળીના તહેવારોમાં જ પાણી વિતરણ વ્યવસ્થા ખોરંભે પડી છે. મહાનગર પાલિકામાં પાણીની સમસ્યાની ફરિયાદો વધી રહી છે. ત્યારે પાણી વિતરણની વ્યવસ્થા માટે મોનિટરિંગ કરવા, ફરિયાદોનો નિકાલ કરવા નાયબ કાર્યપાલક ઈજનેર સી. એસ.ગોહિલને જવાબદારી સોંપીને કમિશનરને સિધ્ધુ રિપોર્ટિંગ કરવા જવાબદારી સોંપવામાં આવી છે.

નોંધનિય છે કે, હાલમાં લો પ્રેશર, અનિયમિત પાણી તેમજ દૂષીત પાણીની ફરિયાદો વધી છે, લોકો મહાનગર પાલિકા સુધી આવી રહ્યા છે. ચોમાસુ ગયુ ત્યા જ પાણી વિતરણ વ્યવસ્થાઓમાં ક્ષતિ સર્જાતા નગરજનોમાં પણ અસંતોષ છે, ત્યારે દિવાળીમાં જ લોકોમાંથી દેકારો ન થાય તે માટે પાણી પહેલા પાળ બાંધવામાં આવી છે. જેથી લોકોની ફરિયાદોનો ઉકેલ આવવાનો આશાવાદ બંધાયો છે.

દુર કરી સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. જેમા ૧ સ્ટીલ પટી બેડ, ૫ લારી, ૧ રેકડો, ૨ લોખંડના ખાટલા, ૨ ગાદલા, ૩ ટેબલ સામાન જપ્ત કર્યા હતા અને ૨ વાહનોને લોક મારીને રૂ.૨૦૦૦ દંડ વસુલ કરાયો હતો તેમજ ૭૯ લગણા ઉતાર્યા હતા અને ૨૦ પાવરલો દુરકરાયા હતા.

# સહકારીમંડળીનીજમીનમાં ગેરકાયદે ભોગવટો કરાયો

## મહુવા તાલુકાના સોલોલી ગામમાં બે સામે ફરિયાદ

। ભાવનગર ।

મહુવા તાલુકાના સોલોલી ગામે સહકારી મંડળીની જમીનમાં ગેરકાયદે ભોગવટો કરીને સોયાબીનનુ વાવેતર કરનાર બે બગદાણા સર્કલ ઓફિસર, મહુવા મામલતદાર કચેરી દ્વારા કબજા પાવતી પણ મંડળીને આપેલી છે. પરંતુ આ જમીન ઉપર ભગવાન દાદાભાઈ ગીયડ અને રાહુલ રાણાભાઈ ગીયડ દ્વારા

# શિયાળાના પ્રારંભે બોટાદ જિલ્લાના ૫૫૮ બાળકોને સ્વેટરરૂપી હૂંફ મળી

। બોટાદ ।

બોટાદ જિલ્લા કલેક્ટર ડો.જીન્સી રોય તેમજ જિલ્લા વિકાસ અધિકારી બુદાણીયાની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે પાલક માતા પિતા યોજના, મુખ્યમંત્રી બાળ સેવા યોજના, ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશન હેઠળનાં બાળકોને સ્વેટર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. દાતા રમેશભાઈ ગાબાણી, વીરડીના સહયોગથી બાળકદીઠ બે સ્વેટર લેખે કુલ ૫૫૮ બાળકો ને ૧૧૧૬ જેટલા સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિયાળાના પ્રારંભે જ બોટાદ જિલ્લાના બાળકોને સ્વેટરરૂપી હૂંફ મળતા બાળકોના ચહેરા પર સ્મિત રેલાયું હતુ. બોટાદ જિલ્લામાં પાલક માતા પિતા યોજના હેઠળ ૪૬૦ જેટલા બાળકો યોજનાકીય લાભ મેળવી રહ્યા છે. જ્યારે મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ માતા પિતા બંનેની છત્રછાયા ગુમાવી હોય તેવા ૧૬ બાળકો પણ લાભ મેળવી રહ્યા છે આ ઉપરાંત ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશન હેઠળના ૮૨ બાળકો માટે જિલ્લા

સહિતનાં અધિકારી તેમજ કર્મચારીઓ જોડાયા હતા.


## જાહેર નોટિસ

NWAC, USA, ભારતમાં પ્રાદેશિક કાર્યાલય દ્વારા જાહેર હિતમાં જારી

તમામ સંબંધિતોને આથી જાણ કરવામાં આવે છે કે NWAC, USA પાસે ગુજરાત રાજ્યમાં કોઇ અધિકૃત કન્સલ્ટન્ટ નથી અને તેથી NWAC ના અધિકૃત પ્રતિનિધિ તરીકે ખોટી રજૂઆત કરનાર કોઇપણ વ્યક્તિ દ્વારા છેતરપિંડી કરવા સામે સાવચેત રહેવું જોઈએ. વધુમાં, અમે નોર્થવેસ્ટ એક્રેડિટેશન કમિશન (NWAC), USA ના ફોર્મેટ અને શૈલીની યોગ્ય રીતે નકલ કરેલ વિદ્યાર્થીઓના શૈક્ષણિક દસ્તાવેજો પણ પ્રાપ્ત કર્યા, જે તપાસવા પર નકલી જણાયા હતા અને નોર્થવેસ્ટ એક્રેડિટેશન કમિશન, USA દ્વારા જારી કરવામાં આવ્યા નથી.

તમામ સંબંધિત (રાજ્ય શિક્ષણ બોર્ડ, કોલેજો, યુનિવર્સિટીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ, સરકારી/ખાનગી ક્ષેત્રના વિભાગો સહિત)ને ધ્યાન પર પણ લાવવામાં આવ્યું છે કે GLM ઇન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરને આપવામાં આવેલી માન્યતા/સંલગ્નતા તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે અને શાળા કોઈપણ વર્ગ અથવા ગ્રેડ માટે વિદ્યાર્થીઓની નોંધણી/એનરોલમેન્ટ સહિત કોઈપણ હેતુ માટે NWAC, USAનું પ્રતિનિધિત્વ કરવા માટે અધિકૃત નથી.

મહેરબાની કરીને નોંધ કરો કે NWAC, USA શૈક્ષણિક પ્રમાણપત્રોનું વેરિફિકેશન અમારા ઓફિસના સરનામાં પર અમને લખીને મોકલી શકો છો: NWAC, USA પ્રાદેશિક કાર્યાલય, ૩૫એ, ગ્રાઉન્ડ ફ્લોર, નોર્થ એવેન્યુ રોડ, પંજાબી બાગ વેસ્ટ, નવી દિલ્હી-૧૧૦૦૨૬ અથવા ઇમેલ એડ્રેસ દ્વારા ઓનલાઇન verification@nwacro.org

નોર્થવેસ્ટ એક્રેડિટેશન કમિશન, યુએસએ, પ્રાદેશિક કચેરી દ્વારા